(૧)

# Greenlawns High School

MUMBAI - 400 036.

QUESTION PAPER

For the Final Exam Year 2023
Set by ______________________
No. of Copies __________ Time : ________

Subject : Gujarati 2nd Lang.
Class : VII:A
Full Marks : 80

સૂચના : દરેક પ્રશ્નોના ઉત્તર-ઉત્તર પત્રિકામાંજ લખવા જરૂરી છે.

વિભાગ - અ (40 Marks)

પ્રશ્ન-૧ નીચે આપેલા નિબંધોમાંથી કોઇપણ એક વિષય પર નિબંધ તૈયાર કરો (૧૦)

૧) 'તમે જોઇ આવેલા કોઇ હવા ખાવાના સ્થળ (Hill Station) ની રમણીયતા દ્રશ્ય નું વર્ણન કરો

૨) તમારી સફળતા કે નિષ્ફળતા માં તમારો મિત્રનું યોગદાન કોઇ એક એવા મિત્રનું વર્ણન - ઘટના વર્ણવો.

૩) 'તહેવારોનું જીવનમાં ઘણું મહત્વ છે. પણ તેની ઉજવણી માં આજે ઘણા ફેરફારો જોવા મળે છે - વિચારો જણાવો.

પ્રશ્ન-૨ નીચે આપેલા પત્રમાંથી કોઇપણ એક વિષય પર પત્ર તૈયાર કરો. (૭)

૧) તમારા મામાની તબિયતન સારી નથી. તેની ચિંતા વ્યક્ત કરતો પત્ર તેમને લખો

(અથવા)

૨) તમારા નાના ભાઇ / બહેનને સંગીતની સ્પર્ધામાં પ્રથમ ઇનામ મળ્યું છે તેને અભિનંદન આપતો પત્ર લખો.

પ્રશ્ન-3 નીચે આપેલો ગદ્યખંડ વાંચી તેના આધારે સવાલના જવાબ લખો (૮)

અકબરના દરબારમાં મોટા ભાગના દરબારીઓ બિરબલની ખૂબ જ ઇર્ષા કરતા. એક દિવસ બધાએ ભેગા થઇને તેને ફસાવવાનું નક્કી કર્યું. તેમણે બાદશાહના મહાવતને સમજાવ્યો કે તું રાજાને જઇને કહે કે તમારો હાથી એવો ગાંડો થયો છે કે કોઇના કાબૂમાં નથી તેમણે રાજવેદને પણ આ કાવતરામાં સામેલ કરી દીધા. દરબારીઓમાંથી એક દરબારીને નેતા બનાવ્યો.

મહાવત તો રાજા પાસે ગયો અને તેને જેમ સમજાવ્યું હતું તેમ બોલ્યો. રાજાએ તરત રાજવૈદને બોલવ્યા અને તેનો ઇલાજ કરવા કહ્યું. રાજવેદ પણ તેને સમજાવ્યું હતું તેમ તરત કહ્યું કે જો બાજરીના છોડના ડૂંડાનું દોરડું વણી તેના વડે જો હાથીને બાંધીએ તો જ તે કાબૂમાં આવશે.

અકબરે તો રાજસભામાં એલાન કર્યું કે જે બાજરીના ડૂંડામાંથી દોરડું વણી લાવશે તેને ૧૦૦૦ સોનામહોરો આપવામાં આવશે. બધા જ વિચારમાં પડી ગયા. અકબરે ૧૫ દિવસનો સમય આપ્યો હતો. પંદર દિવસ પછી રાજદરબાર ભરાયો અને અકબરે દોરડા વિષે બધાને પૂછ્યું પણ બધાજ નીચું માથું કરી બેસી રહ્યા. કોઇને ખબર ન હતી કે આવું દોરડું કેવી રીતે બનાવાય. બધા મૂંઝાયા.

પેલા નેતા બનેલા દરબારીએ આ તકનો લાભ લઇ કહ્યું અરે આપણા દરબારમાં બિરબલ જેવા બાહોશ માણસ તો છે. બધા કેમ ગભરાઓ છો. અકબર પણ તરત બોલ્યા હા...હા.. બિરબલને તો ખબર હશે કે આ દોરડું કેવી રીતે બનાવાય તેમણે બિરબલને પૂછ્યું બિરબલ સમજી ગયો કે આ તો તેને ફસાવવાં માટે ની ચાલ છે. તે તો ઘણો જ ચાલાક હતો તે બોલ્યો જહાંપનાહ મને દસ મિનિટનો સમય આપો. રાજા બોલ્યા ભલે..... બિરબલ તરત જ ઘેર ગયો અને એક ચાળણી લઇ આવ્યો અને બોલ્યો દોરડું તો હું વણી આપું પણ તેના માટે ખાસ પ્રકારનું પાણી બનાવવું પડે જો આ નેતા દરબારી મને પાણી આં ચાળણીમાં ભરીને આપે તો હું તરત જ મારું કામ શરૂ કરી દઉં.

રાજાએ પેલા દરબારી નેતાને ચાળણી આપી અને પાણી ભરી લાવવા કહ્યું. નેતા દરબારી તો રડમસ થઇ ગયા. તેમને કહ્યું બાદશાહ આ તો અશક્ય જ છે. ચાળણી માં તે કોઇ દિવસ પાણી ભરી શકાય ખરૂં.

બિરબલ બોલ્યો જહાંપનાહ આ તો મને ફસાવવાની એક યુક્તિ છે. રાજા સમજી ગયો તેણે દરબારીને સજા ફરવાવી. દરબારીએ પોતાનો ગુનો કબુલ કર્યો. મહાવત, રાજવૈદ અને બધા જ દરબારીઓને રાજાએ શિક્ષા કરી. બધાએ બિરબલની ચતુરાઇનાં વખાણ કર્યા. રાજાએ બિરબલને ૧૦૦૦ સોનામહોરો આપી.

પ્રશ્નો

| | | |
|---|---|---|
| ૧) | બિરબલને કોણે ફસાવવાનું નક્કી કર્યું ? શા માટે ? કયું કાવતરૂં કરવમાં આવ્યું હતું ? | (૨) |
| ૨) | અકબરે રાજસભામાં કયું એલાન કર્યું ? કેટલા દિવસનો સમય આપ્યો ? રાજદરબારમાં બધાં શા માટે મૂંઝાયા ? | (૨) |
| ૩) | બિરબલે કયો ઉપાય કરી પોતાને બચાવી લીધો. | (૨) |
| ૪) | આ ગદ્યખંડ દ્વારા તમને શો બોધ મળે છ ? ગદ્યખંડ ને યોગ્ય શીર્ષક આપો | (૨) |

પ્રશ્ન–૪(અ) નીચે આપેલા શબ્દોના સમાનર્થી શબ્દો લખો. (૪)

૧) અફસોસ : ..................
૨) ચાલાકી : ....................
૩) પ્રલોભન : ..................
૪) ખુલ્લો : .................
(૫) સીમા : ...............
(૬) હયાતી : ..............
(૭) સુખડ : ...............
(૮) માવતર : .............

પ્રશ્ન–૪(બ) નીચે આપેલા શબ્દોના વિરોધી લખો : (૨)

૧) પડતી x ..............
૨) ઉત્સાહ x ..............
૩) પ્રસ્સન્ન x ..............
૪) લીસો x ..............

પ્રશ્ન–૪(ક) નીચે આપેલા રૂઢિપ્રયોગના અર્થો લખી વાક્ય બનાવો (૩)

૧) પીછે હઠ કરવી : .................
૨) હાથવેંત માં હોવું : ...............
૩) કેડ ન મૂકવો : ...............

પ્રશ્ન–૫(અ) નીચે આપેલા વાક્યમાંથી સંજ્ઞા ઓળખી પ્રકાર લખો : (૨)

૧) ફૂલ ઉપયોગી હોય છે.
૨) આજે ખૂબ ઠંડી પડે છે.

પ્રશ્ન-૫(બ) નીચે આપેલા શબ્દની જોડણી સુધારો (૨)

૧) અધસરધા : ............... (૩) બનધુતવ : ...............

૨) સૌંનદરય : ................. (૪) સંસકાર : ...............

પ્રશ્ન-૫(ક) નીચે આપેલા વાક્યુનું કાળ પરિવર્તન કરો (૨)

૧) ગાય ઘાસ ચરતી હતી (ભવિષ્ય કાળ બનાવો)

૨) મીરાંબાઇ ભજન ગાતી હશે. (વર્તમાનકાળ બનાવો)

## વિભાગ બ (40 marks)

પ્રશ્ન-૧(અ) નીચે આપેલા સવાલના જવાબ બે-ત્રણ વાક્યમાં લખો: (૫)

૧) શ્યામ ને નાનપણથી કઇ ટેવ હતી? કઇ જાતની રમતો રમતો હતો?

૨) કયા દિવસે કેટલા બાળકો ને શું જોવાનું ઇચ્છા હતી?

૩) માણસની પાયાની જરૂરિયાત કઇ છે? આજ નો માણસ પોતાની જિંદગી કેવી રીતે વેડફી નાખે છે?

૪) 'ઘડતર' કાવ્યમાં વિદ્યા શેનાથી સોહે છે?

૫) 'વૃક્ષો' કાવ્યમાં કવિ છૂપો અફસોસ કોના માટે કરે છે?

પ્રશ્ન૧(બ) નીચે આપેલી ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ પાઠને આધારે લખો:- (૩)

૧) રાત્રે સૂતાં પહેલાં સ્નાન કર્યું હોય તો શરીર સ્વચ્છ, ............ અને ............ લાગે છે.

૨) પરંતુ માણસ ............ મકાન ઇચ્છતો નથી, તેના પાડોશી કરતાં કે સગાં કરતા વધારે ............... મકાન ઇચ્છે છે.

૩) આંસુ થી ............... ભરેલા હૃદયમાં જ .................. કમળનો જન્મ થાય છે.

પ્રશ્ન(ક) નીચેના વાક્યો કોણ બોલે છે કોને કહે છે લખો :- (૩)

૧) ''મનને મેલ ન લાગે તેટલા માટે ચીવટ રાખજે.''

૨) 'તું કદાચ ભૂલી જઇશ એમ સમજીને અમે નાંખ્યું હતું.''

૩) ''સવારથી મારું માથું દુ:ખે છે. તું મારા માટે દવા લઇ આવીશ?''

પ્રશ્ન-૨(અ) એક-બે શબ્દમાં કહો કોણ:- (૨)

૧) કોના જેવી કોઇ વિભૂતિ જન્મે ................

૨) સુંદર અને ટકાઉ મકાનને સસ્તી રીતે બનાવનાર .............

૩) જુદા-જુદા વિષયો ભણવાથી શું પ્રાપ્ત થાય .............

૪) ગીતાનો સ્વભાવ .............

પ્રશ્ન-૨(બ) નીચે આપેલા જોડકાં ગોઠવો (જવાબ પૂરા લખો) (૩)

| (અ) | (બ) |
|---|---|
| ૧) મનનું સ્થાન કરવા આપણે | ૧) ભરવાં મૂલ્ય નવલાં |
| ૨) ઉમેરાતાં એમાં નિતનિત | ૨) પ્રાર્થના કરીએ છીએ |
| ૩) તું જ્યાં પણ હોય, તારી | ૩) ચાંદની સાથે |
| ૪) આંસુથી છલોછલ ભરેલાં હૃદયમાં | ૪) ચો તરફ દેખાય છે વૃક્ષો |
| ૫) સમાજે ચીંધેલા નિયમ | ૫)જ ભક્તિ રૂપી કમળનો જન્મ થાય છે. |
| ૬) પવન હળવેકથી વાઇ રહ્યો છે. | ૬) નવા ભાવ ક્ષમતા |

પ્રશ્ન-૩ નીચે આપેલા સવાલના કારણો જણાવો. (૬)

૧) શ્યામે નાહી લીધાં પછી માને બૂમો પાડી.....

૨) દામુએ રસ્તામાં સરસ મજાની વાર્તા કહેવાની લાલચ આપી....

૩) સાચી મર્યાદા વ્યક્તિ પોતેજ નક્કી કરી શકશે......

પ્રશ્ન-૪ નીચે આપેલા સવાલના જવાબ સમજાવો. (૬)

૧) કવિ પળની વેળાને શા માટે લૂંટી લેવાનું કહે છે ?

૨) વ્યક્તિના જીવનને કોની સાથે સરખાવવમાં આવ્યું છે ?
જીવન કેવી રીતે ફરતું હોય છે ? અહીં કવિ શું ભુલી જવાની વાત કરે છે ?

૩) બાળક પોતાના ઘડતર થી ક્યાં અને કેવી રીતે મદદરૂપ થશે ?

પ્રશ્ન-૫ નીચે આપેલા સવાલના જવાબ વિસ્તારથી સમજાવો. (૧૨)

૧) મનુષ્ય કઇ-કઇ વાતોથી આંસુના હોજ આંખોમાં ભરેલા હોય છે. ?
મનને સ્વચ્છ રાખવા કેટલા જાગૃત છીએ એમ લેખક શા માટે કહે છે ?

૨) ગીતા ની મમ્મી ક્યાં જવા નીકળી હતી? ઘરમાં કોણ, ક્યાં બેઠા હતાં ત્યારે તેમણે કઇ વાત સાંભળી હતી?

૩) કપડાં કે ખાવાની, બાબતોમાં લોકોને કઇ વાત સતાવ્યા કરે છે?
ઉનાળામાં ગરમ દિવસોમાં આપણે કેવા કપડાં પહેરવાનું છોડી શકતા નથી.

૪) માણસનું બેચેની અને દુ:ખનું મૂળ કારણ શું છે? માણસ પોતાની ઇચ્છાઓ કરતાં ઓછું સ્વીકારે તે સાચા અર્થમાં કેવી જિંદગી વિતાવી શકે છે.

*******